10 Celebrating Decade of Dedication


IITE — न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते

# સુતીર્થ

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

Indian Institute of Teacher Education, Gandhinagar ¨ Year : 1 ¨ Issue : 10 ¨ Month: July, 2020

## ઘડવૈયાનું ઘડતર કરતું ઉત્તમ વિદ્યાધામ



सुतीर्थ
॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

IITE inhouse magazine for private circulation only

Indian Institute of Teacher Education, Gandhinagar
Volume : 1 • Issue : 10 • July 2020



## અનુક્રમણિકા


1. કુલપતિશ્રીનો સંદેશ 1
2. Where there is a will, there's a way ONLINE OPEN EXAM sets an example in Current Crisis situation 2
3. આઈઆઈટીઈમાં રેલાતું શિક્ષણનું જ્ઞાન સર કરાવે કારકિર્દીનાં સોપાન 3
4. ગુરુ ન હોય ત્યારે શું થાય? 4
5. શિક્ષકોએ પરિવર્તનના પરિવાહકો બનવાનું છે 6
6. "પરિવારમાં એવા પ્રોટોકોલ નથી હોતા, જે પ્રક્રિયાને અવરોધે" 7
7. i3T પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે બનાવાઈ સેફ્ટી કીટ 10
8. Campus Canvas 11



## Editor

**Paras K. Jha**
(Public Relation
& Publication Officer)

## Editorial Committee

**Dr. Dipika Patel** (Asso. Prof.)

**Dr. Archana Patel** (Assi. Prof.)

**Dr. Swarnabharati Evani** (Assi. Prof.)

**Dr. Rushi Joshi** (Assi. Prof.)

**Ms. Hiral Jani** (Curator)

**Ms. Bhavini Parmar** (Ph.D. Scholar)

iitegandhinagar

**Publisher**
**The Registrar,**
**Indian Institute of Teacher Education**
Ramkrushna Paramhans Vidhya Sankul
Nr. Mahatma Mandir, Kh-Road, Sector-15, Gandhinagar-382016 (Gujarat) India
Phone : +91-79-23287338, 23243733/34, Email : publication@iite.ac.in, Web : www.iite.ac.in

# કુલપતિશ્રીનો સંદેશ



## વહાલા વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રો

વર્ષા ઋતુ એ પ્રકૃતિના સાનિધ્યને અને તેની સુંદરતાને માણવાની ઋતુ છે. જોકે, આ જુલાઈ આ વર્ષના અગાઉના તમામ મહિનાઓની જેમ અન્ય વર્ષો કરતાં બિલકુલ અલગ છે. કોરોના વાયરસને કારણે સર્જાયેલી પરિસ્થિતિ હવે હળવી બની રહી છે. જનજીવનમાં ધીમે ધીમે પ્રવૃત્તિઓનો સંચાર થઈ રહ્યો છે. આ તમામ બાબતોની વચ્ચે 'પહેલું સુખ તે જાતે નર્યા' ઉક્તિને સાર્થક બનાવીને, કોવિડ-19ની ગંભીરતા અને તેનાથી બચતા રહેવા માટેની તમામ સાવચેતીઓનું પાલન કરવાની આદતને જરા પણ બદલવાની નથી.

શિક્ષક મિત્રો જુલાઈમાં આપણે સહુએ આઈઆઈટીઈ અને તેની સાથે જોડાયેલી તમામ સંસ્થાઓનો પરસ્પર પરિચય ખૂબ જ ઉષ્માપૂર્ણ રીતે સંપન્ન કર્યો તેનો આનંદ છે. ટીચર યુનિવર્સિટી તરીકે આપણે સહુ ઘડવૈયાનું ઘડતર કરનારા શિક્ષક પ્રશિક્ષકો છીએ અને ગુરુ પૂર્ણિમાનો અવસર આપણા સહુ માટે બેવડા આનંદ અને આપણી ગરિમાપૂર્ણ જવાબદારીનો ઉત્સવ છે. આપણે શિક્ષકોના શિક્ષક બનીને આપણા વિદ્યાર્થીઓનું વિદ્યાર્થીમાંથી શિક્ષક તરીકે રૂપાંતરણ કરી રહ્યા છીએ ત્યારે વંદનીય ડૉ. કુલિનચંદ્ર યાજ્ઞિકના પ્રેરણાદાયી સંબોધનનો પણ આપણને ગુરુ પૂર્ણિમાના પ્રસાદ તરીકે લાભ મળ્યો છે.

પરંપરાની જાળવણી અને આધુનિકતાના પ્રયોગ એ આઈઆઈટીઈની વિશિષ્ટતા રહી છે. લૉકડાઉન રહે કે ન રહે, એક શિક્ષક તરીકે અને શિક્ષણ વિદ્યાશાખાના વિદ્યાર્થી તરીકે આપણા સહુની શીખવાની પ્રક્રિયા સતત ચાલુ રહેવી જોઈએ. તેને ધ્યાનમાં રાખીને આઈઆઈટીઈ દ્વારા વિવિધ સંલગ્ન કોલેજો સાથે સંકલન સાધીને 51 સર્ટિફિકેટ કોર્સિસ પણ લૉન્ચ કર્યા છે.

વહાલાં વિદ્યાર્થીઓ જુલાઈમાં તમારી વાર્ષિક પરીક્ષાના આયોજન અને તેના અસરકારક સંચાલનમાં વ્યસ્ત રહ્યા છીએ. એ વ્યસ્તતાની વચ્ચે જ્યારે આપણી યુનિવર્સિટીના કેમ્પસમાં વરસતા વરસાદમાં કોઈ મોર ટહુકો કરે ત્યારે તમારી ગેરહાજરી અનુભવાય છે. કારણ કે તમે સહુ આ યુનિવર્સિટીના સંકુલની શોભા છો અને તમારા વાણી સ્પંદનો એ ટહુકાથી ઓછાં નથી અને અત્યારે તમારા સહુની આ કેમ્પસમાં ખોટ વર્તાય છે. અમે તમારી સાથે ઓનલાઇન નહીં, પરંતુ પ્રત્યક્ષ શિક્ષણ આપવાની તૈયારીઓ કરી રહ્યા છીએ. તમે પરીક્ષાઓ ખૂબ સારી રીતે આપી હશે અને આઈઆઈટીઈની આ નવીનતમ પહેલનો અનુભવ તમારા માટે કેવો રહ્યો એ વિશે જાણવાનું ગમશે.

આ સહુ સ્વસ્થ રહો, તંદુરસ્ત રહો અને સતત શીખતા રહો તેવી શુભેચ્છાઓ સાથે

**ડૉ. હર્ષદ પટેલના જયહિંદ**



# Where there is a will, there's a way - ONLINE OPEN EXAM sets an example in Current Crisis situation

***Without comprising their health, 1100 students gave University exam safely at their homes***

In the current global crisis of COVID-19 Pandemic almost all the universities of the country were working hard to find a solution for safely conducting students' exam. IITE found a very effective and simple solution to conduct university exams in the safest way. Now that UGC and MHRD had issued guidelines for all the universities to conduct exams for final year students in July, IITE students living in seven states and 30 districts of the Gujarat were all set for their Online Open Book Exam.

**The Exam touch at Home: Students wrote the exams in the material provided by IITE**

An entire stationery kit containing answer book, supplementary sheets, pen, pencil, eraser, and foot-ruler was given to the all 1100 students appearing for the University examination. The kit packaged by the Examination Department of IITE was delivered at each student's door step by India Post done on 11 July. In this kit each student received as many answer books and supplementary sheets for as many subjects he/she had to appear for the examination. With the help of supportive staff of Navarangpura Post Office IITE successfully conducted the University exams with a cent per cent assurance of student's safety during the process.

The University exams that began on 20th July 2020 were concluded safely on 30th July. The entire procedure of examination was smooth and simple. The question paper of the subject were uploaded on a dedicated software for Open Book Exam on the respective date of the exam. The student can download the question paper and write the exam offline on the answer sheets provided by IITE and once they have finished the exam they uploaded a PDF document containing photos of their answer sheet.Students were also provided one hour extra over the determined time of their exam so that they complete the entire process in hassle free manner. The PDFs of answer sheets uploaded by students digital e-assessment software. The software randomly assigned answer sheets to the assessors for the e-assessment to ensure secrecy and transparency in the process. With the strong determination that nothing should hinder its students' career prospects, IITE successfully conducted the crucial university examination setting an example of when there is a will there's a way!

# આઈઆઈટીઈમાં રેલાતું શિક્ષણનું જ્ઞાન સર કરાવે કારકિર્દીનાં સોપાન



## IITEના વિવિધ કોર્સની કુલ ૩૩૮૪ બેઠકો માટે ૧૧૦૦૩ ફોર્મ્સ ભરાયાં

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (Indian Institute of Teacher Education -IITE), ગાંધીનગર દ્વારા અભ્યાસ વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઇન એપ્લિકેશન કરવાની અવધિ ૧૮ જુલાઈના રોજ પૂર્ણ થઈ.

આઈઆઈટીઈના સેન્ટર ઓફ એજ્યુકેશન તથા યુનિવર્સિટી સાથે સંલગ્ન રાજ્યની બી.એડ. કૉલેજોમાં ચાલતા વિવિધ સ્નાતક, અનુસ્નાતક અને રીસર્ચના કાર્યક્રમોમાં ઉપલબ્ધ કુલ ૩૩૮૪ બેઠકો પર પ્રવેશ મેળવવા માટે લગભગ ત્રણ ગણી ૧૧૦૦૩ ઓનલાઇન એપ્લિકેશન મળી છે.

આઈઆઈટીઈ સાથે સંલગ્ન રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ બી.એડ. કોલેજોમાં ચાલતા બે વર્ષના બી.એડ. અભ્યાસક્રમની કુલ ૨૯૫૦ બેઠકો માટે કુલ ૮૫૮૭ ફોર્મ્સ મળ્યા છે.આઈ.આઈ.ટી.ઈ.ના સેન્ટર ઓફ એજ્યુકેશન દ્વારા બી.એસસી.-બી.એડ. તથા બી.એ.-બી.એડ.ના પ્રત્યેક ચાર વર્ષના ઇન્ટિગ્રેટેડ અભ્યાસક્રમમાં ઉપલબ્ધ ૧૦૦ અને ૧૦૦ બેઠકો માટે અનુક્રમે 1૨૨૦ અને 4૯૮ ફોર્મ્સ મળ્યાં છે. આ ઉપરાંત, ત્રણ વર્ષના ઇન્ટિગ્રેટેડ ઇનોવેટિવ એમ. એસસી./એમ.એ.-એમ.એડ.ના અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ ૫૦ બેઠકો માટે 1૪૮ ફોર્મ્સ, ત્રણ વર્ષના ઇન્ટિગ્રેટેડ બી.એડ.-એમ.એડ. અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ ૫૦ બેઠકો માટે ૧૫૫ ફોર્મ્સ મળ્યા છે. આ વિવિધ ઇન્ટિગ્રેટેડ કોર્સમાં પ્રવેશ મેળવીને વિદ્યાર્થીઓ બે ડિગ્રી મેળવી શકે છે અને તેમનું એક મહત્ત્વપૂર્ણ વર્ષ બચાવી શકે છે.

આ ઉપરાંત બે વર્ષના એમ.એડ. અભ્યાસક્રમ માટે ઉપલબ્ધ કુલ ૧૦૦ બેઠકો માટે 1૬૦ ફોર્મ્સ મળ્યાં છે. શિક્ષણ વિદ્યાશાખામાં સંશોધનાત્મક કાર્યક્રમો એમ.ફિલ. માટે ૧૮ તથા પીએચ.ડી.ની ઉપલબ્ધ ૧૪ બેઠકો ૨૧૭ ફોર્મ્સ ભરવામાં આવ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે ઉત્સુક વિદ્યાર્થીઓએ આઈઆઈટીઈ તથા સંલગ્ન સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ બી.એડ. કોલેજોમાં અભ્યાસ કરવાની પસંદગી દર્શાવી છે તેવું આ ઓનલાઇન એપ્લિકેશનના ફોર્મ્સની સંખ્યા પરથી સમજી શકાય છે. આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે જણાવ્યું, "આઈઆઈટીઈ ખાતે ચાલતાં વિવિધ ઇન્ટિગ્રેટેડ કોર્સિસ અને તાજેતરમાં જ આઈઆઈટીઈ સાથે જોડાયેલી રાજ્ય સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોમાં ચાલતા બી.એડ. કોર્સમાં કુલ મળીને બેઠકોની સંખ્યાની સાપેક્ષે જે પ્રકારે વિદ્યાર્થીઓએ લગભગ ત્રણ ગણી સંખ્યામાં ફોર્મ ભર્યાં છે, તે દર્શાવે છે કે, ધો. ૧૨ પછી શિક્ષક બનવા માટે વિદ્યાર્થીઓએ ઇન્ટિગ્રેટેડ કોર્સની પસંદગી કરી છે, જેમાં ચાર વર્ષમાં તેમને બે બેચલર ડિગ્રી મળશે. અને એક કિંમતી વર્ષ બચાવી શકાશે." તેમણે વધુમાં જણાવ્યું કે, "સૌથી સૂચક એ છે કે હવે શિક્ષણ ક્ષેત્રમાં પણ ઉત્કૃષ્ટ કારકિર્દી બનાવવા માટે માતા-પિતા પોતાના સંતાનોને શિક્ષણ ક્ષેત્રમાં એક પ્રોફેશનલ તરીકે વિકસવામાં ઇન્ટિગ્રેટેડ કોર્સિસની પસંદગી કરી રહ્યા છે. આ ઉપરાંત સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસ બાદ ગુણવત્તાસભર સત્વશીલ શિક્ષક બનવા માટે સરકારી બી.એડ. કોલેજોની પસંદગી કરી છે, જ્યાં તેમને ૨૧મી સદી માટે એક પ્રોફેશનલ શિક્ષક બનવા માટેની સઘન તાલીમ મળવાની છે. "

ઉલ્લેખનીય છે કે આ તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ ઇચ્છુક વિદ્યાર્થીઓએ 'આઈ૩ટી' (I3T - Integrated Test for Teacher Trainee) પ્રવેશ પરીક્ષા આપવાની રહેશે. આ પરીક્ષાનું આયોજન ૨ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ થવાનું છે.

# ગુરુ ન હોય ત્યારે શું થાય?



**પૂર્વ આઈએએસ અધિકારી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિશ્રી ડૉ. કુલિનચંદ્ર યાજ્ઞિકના ઉદ્‌બોધનથી ગુરુ પૂર્ણિમાના રોજ ગુરુ-શિષ્ય પરંપરાની ગરિમાપૂર્ણ ઉજવણી કરવામાં આવી.**

કોરોના વાયરસને કારણે સર્જાયેલી પરિસ્થિતિએ જેમ સમગ્ર વિશ્વને જીવન જીવવાની નવી પદ્ધતિઓ અને જીવનશૈલીમાં પરિવર્તન કરવાનું શીખવ્યું છે. એવી જ રીતે ટેક્નોલોજીના માધ્યમથી થતાં ઓનલાઇન શિક્ષણે ગુરુ-શિષ્ય પરંપરાનું મૂલ્ય પણ સમજાવ્યું છે. આઈઆઈટીઈ દ્વારા ઝૂમ એપ્લીકેશન અને ફેસબૂક લાઈવના માધ્યમથી ૦૫ જુલાઈ, ૨૦૨૦ ના રોજ પૂર્વ આઈએએસ અધિકારી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિશ્રી ડૉ. કુલિનચંદ્ર યાજ્ઞિકના પ્રેરક ઉદ્‌બોધન અને આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલના હૃદયસ્પર્શી વક્તવ્ય સાથે ગુરુ પુર્ણિમાની તેજોમય ઉજવણી કરવામાં આવી.

યાજ્ઞિક સાહેબે ગુરુ વંદના માટે સદીઓથી જેનું ગાન થતું રહ્યું છે, તે 'ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દેવો મહેશ્વર' શ્લોકને પોતાના વક્તવ્યના કેન્દ્રમાં રાખીને મનનીય સંબોધન કર્યું. તેમણે જણાવ્યું, "ગુરુ વંદનાનો આ શ્લોક ગામેગામ નિશાળોમાં પ્રાર્થનામાં શામેલ કરવામાં આવ્યો છે તેથી એ બહુ જાણિતો છે. હું કેટલીક વાર પૂછું છું પણ ખરો કે એનો અર્થ શું થાય? એમાં ગુરુને પરબ્રહ્મ સાથે સરખાવ્યા છે. આટલી પરાકાષ્ઠાએ જ્યારે ગુરુને મૂકવામાં આવે છે, ત્યારે ગુરુના સ્થાન પ્રત્યે આપણે સહુએ એ રીતે ચિંતિત હોવું જોઈએ કે સમાજમાં એમનું સ્થાન કેટલું ઊંચું છે? હમણાં આ કોરોનાસુર નામનો એક અસુર આવ્યો છે. એના પ્રતાપે આપણને સહુને અનુભવ થયો છે કે, જ્યારે ગુરુ ન હોય ત્યારે શું થાય? આપણે લગભગ ૨-૩ મહિનાથી ઘણી શાળાઓમાં, કોલેજોમાં, એ માત્ર ડિજિટલ મેથડથી આપણે વ્યાખ્યાનો સાંભળતા થયા છીએ. અને ગુરુઓ અને વિદ્યાર્થીઓનો સીધો સંપર્ક ઓછો થયો છે. ત્યારે આપણને ખબર પડે છે કે ખરેખર ગુરુ જ્યારે નથી આવતા ત્યારે એમની ઉપસ્થિતિનું મૂલ્ય શું છે. લગભગ ૩૫ વર્ષ પહેલાં જાપાનથી એક શિક્ષણશાસ્ત્રીઓનું એક પ્રતિનિધિ મંડળ ગુજરાત આવેલું. મેં એમને પૂછ્યું કે તમે તો ઘણાં આગળ વધેલા દેશમાંથી આવો છો, તો તમારે અમારા પ્રાથમિકના ધોરણ જોવાની જરૂર શી પડી? એમણે કહ્યું કે, "જાપાને શિક્ષણની એવી વ્યવસ્થા કરી

હતી કે કોઈએ પણ બાલ-મંદિરથી માંડીને મોટામાં મોટી ડીગ્રી લેતા સુધી કોલેજમાં જવું જ ન પડે. પોતાને ઘરે બેસીને એ તમામ અભ્યાસક્રમો કરે. એના સર્ટીફીકેટ પણ મેળવે અને ક્વોલિફાય પણ થાય. દરેક ઘરના એક ખુણામાં ઇલેક્ટ્રોનિક્સના જેટલાં સાધનો અભ્યાસ માટે વપરાતા હોય એ બધા સાધનો ત્યાં મૂકેલા હોય. અને એ વિદ્યાર્થી ત્યાંથી બેઠો-બેઠો, પ્રાથમિકમાં હોય ત્યારથી છેક સુધી એના પર શીખતો રહે."

એટલે મેં કહ્યું તો પછી તમારે અહીંયા જોવા આવાની શી જરૂર હતી. કારણ કે અમારે ત્યાં તો આવી વ્યવસ્થા નથી. એમણે કહ્યું, "અમને એ જાણવા મળ્યું છે કે, અમારા ઘણા વિદ્યાર્થીઓ આખી જિંદગી જ્યાં સુધી એ ભણે છે ત્યાં સુધી અભ્યાસના પૂરા સમયમાં એને કોઈ ગુરુનો સંપર્ક થતો નથી. કોઈ ઉત્સાહી એવા ગુરુ, કોઈ વ્યવસ્થિત વ્યક્તિ એને ક્લાસમાં આવીને ભણાવે એવું એમણે જોયું જ નથી. અને તેથી કરીને એનામાં હ્યુમન ઇન્ટરેસ્ટ ઓછો થાય છે. જે માનવીય સદ્‌ગુણો છે એ પોતાને જોવાના છે, અનુભવવાના છે, અને પોતે આચરણમાં પણ મૂકવાના છે, એ એવું શીખ્યા જ નથી. તેથી એમની જિંદગી બહુ જુદા પ્રકારની છે. હવે જાપાનને સમજાયું છે કે આ બરાબર નથી. આપણે પણ આ ગુરુપ્રથા કેવી રીતે ચાલે છે એ જોવા જવું જોઈએ. એટલે અમે એ જોવા આવ્યા છીએ."

મને એમ થયું કે આ જે શ્લોક છે, એમાં ગુરુને પરબ્રહ્મની કે સાથે સરખાવ્યા છે. પણ એક વાત તો એ થાય કે કેટલાક માણસો એવી ટિપ્પણી પણ કરે કે ગુરુને બ્રહ્મ સાથે જો સરખાવ્યા હોય તો ગુરુએ એ થવાને માટે યોગ્યતા પણ મેળવવી જોઈએ. હું તો એમ પણ સમજું છું કે એવાં સારા શિક્ષકના વિદ્યાર્થી થવાની પણ લાયકાત હોવી જોઈએ. એટલે વિદ્યાર્થીઓએ એવી લાયકાત કેળવવી જોઈએ કે એ ગુરુ પાસેથી સારી રીતે વિદ્યા શીખે."

આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે પણ ખૂબ જ હૃદયસ્પર્શી પ્રસંગ યાદ કરીને શિક્ષકની ભૂમિકાનું વર્ણન કર્યું. તેમણે જણાવ્યું, "અત્યારે વૈશ્વિક મહામારીનો સમય ચાલી રહ્યો છે. એ સંજોગોમાં ૨૦૦૧ની સાલની આવી જ એક કુદરતી આફત ભૂકંપની ઘટના કચ્છમાં આવી હતી. એ ૨૬મી જાન્યુઆરીનો એ દિવસ હતો. જે સ્કૂલમાં ધ્વજવંદન ચાલી રહ્યું હતું, એ સ્કૂલમાં વિડીયોગ્રાફર ધ્વજવંદનની વિધિને પોતાના કેમેરામાં કંડારી રહ્યા હતા. એ જ સમયે ભૂકંપ આવ્યો આખા મેદાનમાં ચોતરફ નાસભાગ થઇ. એક ડરનો માહોલ, અને ત્યાં તો તીવ્રતા વધુ હતી એટલે ધરતી ફાટી અને પેટાળમાંથી વરાળ નીકળે. આ બધા જ દૃશ્યોનું એ વિડીયોગ્રાફરે શૂટિંગ કર્યું. પરંતુ અચાનક જ એનો કેમેરો ફંટાય છે, એક શિક્ષિકા તરફ."



**"ગુરુ-શિષ્ય પરંપરાનું સ્વરૂપ ભલે બદલાયું હોય, પરંતુ એની પ્રક્રિયા આજે પણ એટલી જ બળવત્તર છે."**

"સામાન્ય સંજોગોમાં કોઈ પણ આફત આવે, ડર લાગે, જીવનું જોખમ હોય તો સૌ પોતાનો જીવ બચાવવાનો પ્રયાસ કરે એ માનવસહજ પ્રતિક્રિયા હોય છે. પરંતુ એ સ્કૂલમાં જે નાના બાળકો ગ્રાઉન્ડમાં બેઠાં હતાં એમને આ ઘટનાક્રમની ખબર ના પડી. ભૂકંપ શું હોય એ એમને ખબર ના હોય. પણ કશુંક અજુગતું બન્યું છે એવું એમને લાગ્યું અને બધાં જ બાળકો ડરી ગયાં. એ ડરી ગયેલાં બાળકો કઈ તરફ દોડ્યાં? એ દોડ્યાં પેલાં શિક્ષિકા તરફ. અને શિક્ષિકા પણ તેમના બે હાથ ફેલાવીને જાણે બધાં જ બાળકોને પોતાની બાથમાં ભરી લેવા માંગતા હોય એવું દૃશ્ય સર્જાયું. એ સમયે શિક્ષિકાને પોતાનો જીવ નહીં, પોતાના વિદ્યાર્થીઓ, પોતાના બાળકોને બચાવી લેવાની તીવ્ર લાગણી જોવા મળી. એક પ્રાથમિક શિક્ષિકા કે જેને પોતાના સંતાનો જેટલો જ પ્રેમ પોતાના શિષ્યો પ્રત્યે છે. ગુરુ પુર્ણિમાએ આવાં શિક્ષકો આપણને સમાજમાં મળે. ગુરુ-શિષ્ય પરંપરા, એનું સ્વરૂપ ભલે બદલાયું હોય, પરંતુ એની પ્રક્રિયા એ આજે પણ એટલી બળવત્તર છે."

# શિક્ષકોએ પરિવર્તનના પરિવાહકો બનવાનું છે



## આઈઆઈટીઈ દ્વારા 51 સર્ટિફિકેટ કોર્સિસની ઓનલાઇન શરૂઆત

કોરોના મહામારીના કારણે શૈક્ષણિક સંસ્થાઓ લોકડાઉન છે, પરંતુ શિક્ષણ પ્રક્રિયા નહીં. આઈઆઈટીઈ ગાંધીનગરના સેન્ટર ઓફ એક્સ્ટેન્શન દ્વારા તા. 21 જુલાઈ, 2020ના રોજ 51 સર્ટિફિકેટ કોર્સિસનો ઓનલાઈન માધ્યમથી પ્રારંભ કરવામાં આવ્યો. આઈઆઈટીઈના કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલ આ કાર્યક્રમમાં બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. અમી ઉપાધ્યાય હાજર રહ્યાં હતાં.

દક્ષિણામૂર્તિમાં કેળવણી પામેલાં ડૉ. અમી ઉપાધ્યાયે આ કાર્યક્રમમાં સહુ શિક્ષકોને સંબોધતાં કેળવણી અને શિક્ષણ વચ્ચેની પાતળી ભેદરેખા સ્પષ્ટ કરી. તેમણે જણાવ્યું કે, “કેળવણી અને શિક્ષણનું જોડાણ થવું જરૂરી છે. આજે શિક્ષકો બાળકોને ગાંધી વિશે ભણાવે, વિવેકાનંદ વિશે ભણાવે અને પછી તેમને કહે કે તમારે ગાંધી જેવા થવાનું છે, વિવેકાનંદ જેવા થવાનું છે. હું માનું છું કે, જો કેળવણી કોઈના જેવા બનવાનું કહે તો એ કેળવણી નથી. આપણે કેળવણીમાં ઇન્ટેલેક્ચ્યુઅલ ટ્રાન્સફોર્મેશન (બૌદ્ધિક પરિવર્તન) ઉપરાંત ઇમોશનલ ટ્રાન્સફોર્મેશન (ભાવનાત્મક પરિવર્તન) પર ધ્યાન આપવું જોઈએ. ત્યારે શિક્ષકોએ આ પ્રકારના પરિવર્તનના પરિવાહકો બનવાનું છે.”


ડૉ. અમીબેન ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને વધુ માર્ક્સ લાવવાના શિક્ષણની સાથે દેશ અને સમાજના વિકાસમાં હકારાત્મક ભૂમિકા ભજવીને યોગદાન આપવા તરફ વાળવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે કહ્યું, “કેળવણી એટલે સાયન્સ, મેથ્સ નહીં. હકીકતમાં શિક્ષક અને શૈક્ષણિક સંસ્થાઓની જવાબદારી પ્લેસમેન્ટ અને પે પેકેજ મેળવી આપવાની નથી, પણ સારાં નાગરીક, સારા સમાજ અને શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ કરવાની છે. મારા વિશિષ્ટ ગુરુ ડૉ. એ કે સિંઘને મેં જ્યારે પૂછ્યું હતું કે શ્રેષ્ઠ શિક્ષક બનવા માટે શું જરૂરી છે, ત્યારે તેમણે ખૂબ સહજતાથી જવાબ આપ્યો હતો કે શ્રેષ્ઠ શિક્ષક બનવા માટે વિદ્યાર્થી માટે નિસ્બત (કન્સર્ન ફોર સ્ટુડન્ટ્સ)ની જરૂર છે. બાકીની બધી જ બાબતો તેની સાથે આપોઆપ આવી જશે.”

**સમયની સાથે કદમ મિલાવી શિક્ષકોને જરૂરિયાત મુજબ આવડત વિકસાવવાની તક**

માનનીય કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, “જેમ નાનકડી પુસ્તિકા એ આપણાં જીવનમાં ઘણું બધું પરિવર્તન લાવે છે, એમ વર્ષો-વર્ષના કાર્યક્રમોને બદલે શોર્ટ-ટર્મ કોર્સિસ, સર્ટિફિકેટ કોર્સિસ, ક્રેશ કોર્સિસ જેવા વિકલ્પો પણ વિદ્યાર્થીઓના જીવન અને કારકિર્દીમાં લાભદાયી નીવડે છે. પહેલાં ૩-૩.૫ કલાકની ફિલ્મોની અવધિ રહેતી, હવે દોઢ-પોણા બે કલાક જેટલી હોય છે. વૉટ્સઍપના મેસેજીસમાં પણ ખૂબ ટૂંકમાં લખવાની આદતથી આપણે સહુ થોડામાં વધુ સમજતા થયા હોવાથી આપણા બધાનું ગ્રાસ્પિંગ, રિઝનિંગ પણ વધ્યું છે. આમ હાલના સમયમાં જ્યારે દરેક વસ્તુમાં અપાતો સમયગાળો ઘટ્યો છે, ત્યારે આ ઓનલાઈન સર્ટિફિકેટ કોર્સિસ ખૂબ જ અસરકારક પૂરવાર થાય તેમ છે. જેમાં આપણને રસ છે, એના માટે ખૂબ લાંબો સમયગાળો આપવાની જરૂર નથી, એને ટૂંકમાં એવા માધ્યમ દ્વારા આપણને જેટલું જરૂર છે એટલું જ સમજવા માટેની એક વ્યવસ્થા હોવી જોઈએ એટલે આ સર્ટિફિકેટ કોર્સિસ છે”

આ સર્ટિફિકેટ કોર્સિસ વિદ્યાર્થીઓ માટે નોકરી દાતા અથવા રોજગારીનો વિષય નહી પરંતુ ઉચ્ચ-શૈક્ષણિક, પ્રતિબધ્ધતાઓ, પોતાના રસના ક્ષેત્રો, અને જ્ઞાનના સંવર્ધન માટેનું માધ્યમ બનશે તેવો વિશ્વાસ કુલપતિશ્રીએ વ્યક્ત કર્યો હતો.

# “પરિવારમાં એવા પ્રોટોકોલ નથી હોતા, જે પ્રક્રિયાને અવરોધે”



## શિક્ષણ પ્રશિક્ષણને સુદૃઢ કરવા વિચારો અને સૂચનોના આદાન-પ્રદાનના કરાર સાથે સંપન્ન થઈ 'પરિચય પરિવારનો' શ્રેણી

આઈઆઈટીઈ સંલગ્ન સરકારી અને ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજોના પરસ્પર પરિચય માટે ૨૨ જૂનથી શરૂ થયેલી 'પરિવાર પરિચયનો' શ્રેણીનું ૧૮ જુલાઈ, ૨૦૨૦ના રોજ સંપન્ન થઈ.

આ કાર્યક્રમનું આયોજન બે મુદ્દા ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને કરાયું હતું. પ્રથમ રજૂઆતની સમાન તક (ઇક્વલ ઓપર્યુનિટી), આઈઆઈટીઈ સંલગ્ન તમામ ૫૯ કોલેજોમાંથી દરેકને ૨૦ મિનિટ રજૂઆતનો અવસર મળે અને બીજો મુદ્દો કસ્ટમાઈઝેશનનો જેથી દરેક કોલેજના આચાર્ય પોતાના સમયની અનુકૂળતા પ્રમાણે પોતાની સંસ્થાની રજૂઆત માટેનો સ્લોટ બૂક કરી શકે.

આ શ્રેણીના સમાપન સમારોહમાં માન. કુલપતિશ્રી ડૉ. હર્ષદ પટેલે ઝૂમ અને ફેસબુક લાઈવના માધ્યમથી જોડાયેલ સંલગ્ન કોલેજોના આચાર્યો અને અધ્યાપકોનું આઈઆઈટીઈ પરિવારમાં સ્વાગત કર્યું. તેમણે જણાવ્યું કે: “આ કાર્યક્રમ કરવાનું વિચારબીજ રૂપલબેન સાથેની વાતચીતમાંથી પ્રગટેલું. મારે આઈઆઈટીઈના કુલપતિ તરીકે, આ યુનિવર્સિટી અને તેના વિવિધ વિભાગો, વિવિધ કોર્સિસનો પરિચય તો આપવાનો જ હતો. પરંતુ અમારી સાથે જોડાયેલ કોલજોનો પરિચય લેવાનો અને બધાને એકમેકની સાથે પરિચય કરાવવાનો આશય પણ હતો. આપણું એક સૂત્ર છે - 'શેરિંગ ઇઝ કેરિંગ' જેટલું વહેંચીએ એટલી વધુ મજા આવે અને પરિવારનો અર્થ પણ સાર્થક થાય.”

કુલપતિશ્રીએ વધુમાં જણાવ્યું કે, “ફિઝિક્સમાં એક નિયમ છે કે કણ ગતિમાં આવે એટલે ઊર્જા ઉત્પન્ન થાય. એટલે જ્યારે આપણે બધા જ લોકો ગતિમાં આવીએ ત્યારે એનર્જી પ્રોડ્યુસ થાય. જે નવા મિત્રો ગત વર્ષથી જોડાયા તેમના માટે એક ફેકલ્ટી તરીકે અને એક સમગ્ર વ્યવસ્થાને સમજવા માટેનું ઓરીએન્ટેશન થયું. અત્યારે જુદી-જુદી બાબતો સમાજમાં પ્રવર્તી રહી છે, એવા સંજોગોમાં આપણે આ વ્યવસ્થામાં જોડાયા છીએ, ત્યારે આપણે એક જુદું મોડેલ સમાજ સમક્ષ તુરંત રજૂ કર્યું છે. કોઈ વ્યક્તિનું સૂચન આવે અને તેમાંથી તરત કામ કરી સારું પરિણામ આપવાની ભાવનાથી આ 'પરિચય પરિવારનો' કાર્યક્રમ આકાર પામ્યો છે.”

તેમણે આ કાર્યક્રમની વિશિષ્ટતા વિશે કહ્યું કે, “પરિચય પરિવારનો" કાર્યક્રમ એ ઉચ્ચ શિક્ષણમાં નાવિન્યપૂર્ણ રીત (Innovative Practice in Higher Education)નો નમૂનો છે. જો યુજીસી ઈનોવેશન એન્ડ ઈનોવેટીવ પ્રેક્ટીસીસ ઇન કરન્ટ સિનારિયોના નોમિનેશન મંગાવે તો આપણે નોમિનેટ થઈ શકીએ એવી કક્ષાનો આ કાર્યક્રમ થયો છે.જેમ કોઈ પ્રવાસમાં જ્યારે જઈએ ત્યારે શરૂઆતમાં કોલાહલ થાય, બધાં અંતાક્ષરી રમે પછી કલાક પછી બધા થાકી જાય અને નાના-નાના ટોળે વળી જાય. ૪-૫ લોકો પછી અંદરથી ખુલે છે. આવી રીતે જે અંદરથી ખૂલે છે એ એક્ચ્યુઅલ પરિચય છે. માટે આ પરિચય પરિવારનો માધ્યમથી, આપણે સહુ ખૂલ્યા છીએ. તમારા મનમાં નવી બાબતો, નવા ઉપક્રમોના વિચાર આવે તો તમે ચોક્કસથી મોકલજો, શેર કરજો. અમે વ્હોટ્સએપ, ઈમેઈલ આઈડી, મેબાઈલ ફોન દ્વારા ક્વિક રિસ્પોન્સથી હંમેશા હાજર છીએ આપ સહુએ જુદી-જુદી યુનિવર્સિટીની સિસ્ટમમાં કામ કર્યું છે ત્યાંની કાર્ય પદ્ધતિ અને અહીંની કાર્ય પદ્ધતિ જુદી છે. અહીંયા કોઈપણ કોઈને પણ ક્યારેય પણ સંપર્ક કરી શકે છે. કારણ કે પરિવારમાં એવા પ્રોટોકોલ નથી હોતા, જે પ્રક્રિયાને અવરોધે. પ્રોટોકોલ એવા હોય જે પ્રક્રિયાને વધારે અસરકારક બનાવે અવરોધે નહીં.”

# i3T પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે બનાવાઈ સેફ્ટી કીટ

શિક્ષણ ક્ષેત્રે કારકીર્દી બનાવવા માટે પ્રથમ પગલાં સમાન i3T પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ અને પરીક્ષા કોઓર્ડિનેટરોની સંપૂર્ણ સુરક્ષા માટે બનાવવામાં આવી પરીક્ષા સેફ્ટી કીટ.

પરીક્ષા દરમ્યાન સંક્રમણની સંભાવનાઓને નહીવત કરવા માટે આ કીટમાં દરેક વિદ્યાર્થીઓને ફેસ-માસ્ક, ફેસ-શિલ્ડ, હેન્ડ સેનીટાઈઝર તથા કોઓર્ડિનેટરોને હેન્ડ ગ્લોઝ આપવામાં આવશે.










# Campus Canvas







IITE is celebrating the 10th year of its establishment. As announced by Hon. Vice Chancellor Dr. Harshad Patel, IITE has planted 1000 saplings on the campuses of the University and the students' hostel. IITE's academic and administrative staff members have committed to nurture these saplings for the clean and green environment of the University.



5th Meeting of IITE's Academic Council was held on July 19, 2020. Three members of AC were joined through online mode.



The University's Registrar Dr. H C Patel, Office Superintendent Mrs. Minal Makwana & Dy. Director of Centre for Training Dr. Sonal Thareja's birthdays were celebrated in the august presence of Hon. Vice Chancellor sir and other staff members in July.

Emergency and accidents do not give notification! Keeping this in mind a fire safety mock drill was organized at the IITE campus with the participation of all the staff members. We learnt how to tackle the situation in case of fire and ensure safety of all.





# A Blissful Birthday Wish Wonderful Return Gift

**Hon. Minister for Human Resource Development Dr. Ramesh Pokhriyal 'Nishank' gave a valuable return gift to IITE on his birthday. IITE's Hon. Vice-Chancellor Dr. Harshad Patel visited Hon. Minister and wished him a blissful birthday; in return Shri Nishank gifted books to Hon. V-C for the students of IITE.**